ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




મોદીજી જેમ... પાકિસ્તાન કલાકોમાં જઈ પરત આવી ગયા... તેવી જ રીતે તારા બદમાશ ભાઈને ત્યાં તારી સાથે આવું...!! બોલ...!!

# ૨૬.૬૧ લાખનાં દારૂનો માલિક કોણ ? હજુ મળ્યો નથી...!

## વાવોલનાં બંને વોન્ટેડ આરોપીઓએ આગોતરા જમીન મેળવી લીધા : બંનેના રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ શરૂ કરી

ગાંધીનગર, તા.૨૯

અડાલજ ત્રિમંદિર પાછળના ખુલ્લા ખેતરોમાં બંકર બનાવીને સંતાડવામાં આવેલો રૂ. ૨૬.૬૧ લાખની કિંમતનો દારૂ-બિયરનો મસ મોટો જથ્થો અડાલજ પોલીસે પકડયો હતો. ઉવારસદનો એક આરોપી પકડી તેની પુછપરછ કરતાં વાવોલના બે વ્યકિતઓના નામ ખુલ્યા હતા. તે બંને વોન્ટેડ આરોપીઓએ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લીધા છે. જો કે આટલી મોટી કિંમતનો દારૂ-બિયરનો જથ્થો કોની માલીકીનો છે તે બાબત હજુ સુધી બહાર આવી શકી નથી. પોલીસે બંને વાવોલના આરોપીઓની પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. આગોતરા જામીન મેળવ્યા હોવાથી બંનેની ધરપકડ પોલીસ કરી શકી ન હોવાથી પુછપરછ પણ કરી શકી નથી.

અડાલજ પોલીસની ટીમે ૮મી ડિસેમ્બરની મોડી રાત્રે ચોકકસ બાતમીને આધારે એક બંકર શોધી કાઢયું હતું. ત્રિમંદિરની પાછળ બનાવવામાં આવેલા બંકરમાંથી રૂ. ૨૬,૬૧,૪૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને ઉવારસદના એક બુટલેગરની ધરપકડ કરી લીધી હતી. તેના રિમાન્ડ મેળવીને પોલીસે પુછપરછ કરતાં વાવોલ ગામના બે શખ્સોના નામ ખુલ્યા હતા.

જો કે આટલ મોટી કિંમતનો દારૂ-બિયર બંકરમાં સ્ટોક કરનાર મુળ માલિક કોણ તે પ્રશ્ન હજુ પણ ઉકેલાયો નથી. જે બે વ્યકિતઓના નામ ખુલ્યા તેમણે કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લેતા તેમની પુછપરછ કરી ન શકાતાં અડાલજ પોલીસે કોર્ટમાંથી આ બંનેની પુછપરછ કરવા રિમાન્ડ મેળવવા કાર્યવાહી શરૂ કરી હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.



'દેખો મૈંને દેખા હૈ યે એક સપના, ફુલો કે શહરમેં હો ઘર અપના' લાગે છેકે આ ગીતથી પ્રેરાઈને એક નીલ ગાય ગાંધીનગરના મધ્યમાં આવેલા ઘ-૪ સર્કલ સુધી પહોંચી જવા પામી હતી. સુંદર મજાના ફુલોથી પલ્લવિત સર્કલે અંદર આવી ગયા પછી અહીં જ ઘર બનાવું કે પાછી વળુની અવઢવમાં મુકાયેલી નીલ ગાય ભરચક ટ્રાફિક જોઈ હેતબાઈ ગયેલી જણાય છે. ગાંધીનગરના જાહેર માર્ગો પર નીલગાયનું આવાગમન ખૂબ જ વધી ગયુ છે માટે વાહન ચાલકોએ સાવધાની રાખવી અત્યંત જરુરી બનતી જાય છે. (તસવીર સૌજન્યઃ દિપક વ્યાસ)

# આજકાલ સરકારી કચેરીઓમાં ૭માં પગારપંચના પગાર ભથ્થાની જ ચર્ચાઓ

ગાંધીનગર,તા.૨૯

કેન્દ્ર સરકારના સાતમા પગાર પંચે પોતાના તાજેતરમાં જ આખો અહેવાલ કેન્દ્ર સરકારને રજૂ કરી દીધો છે. આ અહેવાલ મુજબ કેન્દ્રીય કર્મચારીઓના પગાર ભથ્થામાં ૨૭.૫૧ ટકા તથા પેન્શનરોને અંદાજે ૨૪ ટકા જેટલો ફાયદો થશે. તા.૧.૧.૨૦૧૬ની ભલામણોનો અમલ કરાશે તેવી શરત પંચની રચના વખત કરાઈ હતી. કેન્દ્ર આ ભલામણોના અમલ અંગે નિર્ણય કરે પછી જે તેને પગલે રાજય સરકાર નિર્ણય કરશે. શરુઆતમાં ગુજરાત સરકારના વર્ગ-૪ના રૂ.૮૯૦૦ પગાર મેળવતા કર્મચારીઓને સૂચવેલ ડીએ ૧૨૫ ટકા મુજબ + પગાર પંચની ભલામણ મુજબ લેવલમાં નક્કી થતો નવા પગારની ચર્ચાઓ સરકારી કચેરીઓમાં વ્યાપક પ્રમાણમાં ચાલે છે.

| હાલના પગાર ધોરણ મુજબ મેળવતા પગાર | પગારપંચની ભલામણ મુજબ લેવલમાં નક્કી થતો નવો પગાર | તફાવત |
|---|---|---|
| ૮૯૦૦ | ૨૩૫૦૦ | ૩૪૭૫ |
| ૧૨૦૩૦ | ૩૧૫૦૦ | ૪૪૩૨ |
| ૧૦૭૬૦ | ૨૮૪૦૦ | ૪૧૯૦ |
| ૧૩૨૮૦ | ૩૫૦૦૦ | ૫૧૨૦ |
| ૧૦૭૬૦ | ૨૮૪૦૦ | ૪૧૯૦ |
| ૧૩૨૮૦ | ૩૫૦૦૦ | ૫૧૨૦ |
| ૧૨૨૨૦ | ૩૨૩૦૦ | ૪૮૦૫ |
| ૧૪૬૨૦ | ૩૮૬૦૦ | ૫૭૦૫ |
| ૧૩૬૧૦ | ૩૫૯૦૦ | ૫૨૭૭ |
| ૧૭૮૧૦ | ૪૬૮૦૦ | ૬૭૨૭ |
| ૧૬૬૪૦ | ૪૩૬૦૦ | ૬૧૬૦ |
| ૨૧૧૧૦ | ૫૫૨૦૦ | ૭૭૦૨ |
| ૨૧૧૧૦ | ૫૫૨૦૦ | ૭૭૦૨ |
| ૨૬૮૦૦ | ૭૦૦૦૦ | ૯૭૦૦ |
| ૨૦૪૫૦ | ૫૩૬૦૦ | ૭૫૮૭ |
| ૨૮૩૯૦ | ૭૪૩૦૦ | ૧૦૪૨૨ |
| ૨૨૮૪૦ | ૫૯૭૦૦ | ૮૩૧૦ |
| ૩૦૭૪૦ | ૮૦૨૦૦ | ૧૧૦૩૫ |
| ૨૨૯૫૦ | ૫૯૫૦૦ | ૭૮૬૨ |
| ૩૨૭૮૦ | ૮૪૯૦૦ | ૧૧૧૪૫ |
| ૨૮૫૬૦ | ૭૪૦૦૦ | ૯૭૪૦ |
| ૪૦૭૮૦ | ૧૦૫૬૦૦ | ૧૩૮૪૫ |
| ૩૭૪૦૦ | ૯૬૯૦૦ | ૧૨૭૫૦ |
| ૪૬૦૫૦ | ૧૧૫૮૦૦ | ૧૨૧૮૭ |
| ૫૦૩૯૦ | ૧૩૩૫૦૦ | ૨૦૧૨૨ |
| ૫૬૭૪૦ | ૧૫૦૨૦૦ | ૨૨૫૩૨ |
| ૫૦૫૮૦ | ૧૩૧૧૦૦ | ૧૭૨૯૫ |
| ૫૮૬૬૦ | ૧૫૨૦૦૦ | ૨૦૦૧૫ |
| ૫૬૨૩૦ | ૧૪૮૫૦૦ | ૨૧૯૮૨ |
| ૬૧૪૫૦ | ૧૬૨૩૦૦ | ૨૪૦૩૭ |

# ગાંધીનગરના ત્રણ સાહિત્યકારોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક

## ડૉ. કેશુભાઈ દેસાઈને બે પારિતોષિક સહિત ધર્માભાઈ શ્રીમાળી અને દોલત ભટ્ટનો પણ સમાવેશ : સમગ્ર ગાંધીનગર સાહિત્ય આલમમાં બેવડા આનંદની લહેર

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૨ તથા વર્ષ ૨૦૧૩ માટેના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક જાહેર કરાયા છે. આ પારિતોષિક મેળવનારાઓની યાદીમાં ગાંધીનગરના ત્રણ સાહિત્ય સર્જકોને કુલ ચાર પારિતોષિક પ્રાપ્ત થયા છે.

શ્રેષ્ટ પુસ્તક પારિતોષિક પ્રાપ્ત કરનારા ગાંધીનગરના સર્જકોમાં ડૉ. કેશુભાઈ દેસાઈને વર્ષ ૨૦૧૨ માટે પ્રૌઢ વિભાગમાં નવલકથા 'વ્હાઈટ હાઉસ' માટે પ્રથમ તેમજ નિબંધ અને પ્રવાહ વિભાગમાં 'દીકરી સંગે દેશાટન' પુસ્તકને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૨ માટે ધર્માભાઈ શ્રીમાળીને ટૂંકી વાર્તા વિભાગમાં ઝાંખરું માટે તૃતીય અને વર્ષ ૨૦૧૩ માટે વરિષ્ટ સાહિત્યકાર દોલત ભટ્ટનો આત્મકથા, રેખાચિત્ર, પત્ર અને જીવચરિત્ર વિભાગમાં 'સમાજના શ્રેષ્ઠીઓ' પુસ્તક માટે તૃતીય સ્થાને પારિતોષિક જાહેર કરાયું છે. પારિતોષિક વિજેતા સર્જકો પર અભિનંદન વર્ષા કરાઈ રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળના એક્ઝી. ચેરમેન તરીકે શ્રી નીતિનભાઈ પેથાણીની નિમણૂક કરાઈ છે અને આજે તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ પણ સંભાળી લીધો છે.

● સચિવાલય સંકુલમાં આજે મંગળવારનો દિવસ હોવાથી મુલાકાતીઓની સંખ્યા પણ મોટી હતી અને બ્લોક નં. ૧ પાસે પ્રવેશ પાસ મેળવવા લાગેલી લાંબી લાઈનોમાં વારંવાર ઝઘડા થવાના દ્રશ્યો પણ સર્જાયા હતા.

● સચિવાલય સંકુલના બ્લોક નં. ૭ના ભોંયરામાં એક કપિરાજના થયેલા અવસાનની ઘટના આજે કર્મચારી આલમમાં ચર્ચાનો મુદ્દો હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરની કચેરીના અંગત સ્ટાફમાં મહેકમ શાખાના અલ્કેશ શાહ તથા રજીસ્ટ્રી શાખાના શ્રી ડી. આર. દવેની નિમણૂક કરાઈ છે. જ્યારે શ્રી પ્રવિણસિંહ રાઓલ અને શ્રી ગિરીશ ભટ્ટને તેમના મૂળ વિભાગોમાં ફરજ માટે પુનઃ મોકલી અપાયા છે.

● વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે આજે વિડીયો કોન્ફરન્સમાં તાલીમની સાથે સમજ પણ આપવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે ઠંડી દિવસ દરમિયાન ગાયબ થતાં લોકોએ ગરમીનો અહેસાસ કર્યો હતો.


